અપીલ અરજી નં.૧૧૨ તા.૩૧–૭–૦૮

અરજદારઃ શ્રી સૈયદ સાબીર અલી
સામાવાળાઃઆસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી)

***હુકમઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સૈયદ સાબીર અલીની તા.૨૫–૬–૦૮ ની અરજીથી ન. પ્રા.શિ. સમિતિ ના શાસનાધિકારી તા.૧૩–૭–૦૭ ના રોજ પત્ર નં.૧૯૨૧થી જુની શાળા નં.૧૧૧,૧૧૨ સર્વે નં.૨૨૧૮ થી ૨૨૨૧ વાળી મિલ્કત સૈયદપુરા પ્રણામી મંદિર પાસેની તા.૩૧–૧–૦૭ ના રોજ તેમના માલિકને ન.પ્રા.શિ. સમિતિ ધ્વારા કબ્જો સુપ્રત કરેલ તેની જાણ કરતો પત્ર ના અનુસંધાનમાં યુસીડી ધ્વારા થયેલ કાર્યવાહીની સંપુર્ણ માહિતી, સૂચનો, પરિપત્રો, હુકમો, લેખો,નોંધ, જવાબો વિ. ના રેકર્ડની પ્રમાણિત નકલ સાથેની માહિતી સદર મકાનમાં તમારી પ્રવૃતિ કયારથી અને કયા પરિપત્ર, ઠરાવ સંમતિપત્ર કયા આદેશના આધારે ચલાવો છો તેની માહિતી પૂરી પાડવાબાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૩૧–૭–'૦૮ ની અપીલ અરજી નં.૧૧૨/૦૮–૦૯

શ્રી સૈયદ સાબીર અલીની તા.૨૫–૬–૦૮ ની અરજીથી ન. પ્રા.શિ. સ. ના શાસનાધિકારી તા.૧૩–૭–૦૭ ના રોજ પત્ર નં.૧૯૨૧થી જુની શાળા નં.૧૧૧,૧૧૨ સર્વે નં.૨૨૧૮ થી ૨૨૨૧ વાળી મિલ્કત સૈયદપુરા પ્રણામી મંદિર પાસેની તા.૩૧–૧–૦૭ ના રોજ તેમના માલિકને ન.પ્રા.શિ. સમિતિ ધ્વારા કબ્જો સુપ્રત કરેલ તેની જાણ કરતો પત્ર ના અનુસંધાનમાં યુસીડી ધ્વારા થયેલ કાર્યવાહીની સંપુર્ણ માહિતી, સૂચનો, પરિપત્રો, હુકમો, લેખો,નોંધ, જવાબો વિ. ના રેકર્ડની પ્રમાણિત નકલ સાથેની માહિતી સદર મકાનમાં તમારી પ્રવૃતિ કયારથી અને કયા પરિપત્ર, ઠરાવ, સંમતિપત્ર કયા આદેશના આધારે ચલાવો છો તેની માહિતી પૂરી પાડવા બાબતે પ્રતિભાવ ન મળવાને કારણે એપેલેટ ઓફિસરને તા.૩૧–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિસંગતતા હોય તો સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૦૦ તા.૬–૮–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ વિશેષ માહિતી મળેલ નથી.

અરજદારની મુળ અરજી અને મ.જાહેર માહિતી અધિકારી પાઠવેલ પ્રત્યુત્તરની નકલ આરટીઆઈ સેલ સ ે.ઝોન/આ.નં.૪૯૯ તા.૧–૮–૦૮ થી અત્રે મળેલ છે જેમાં મ. જાહેર માહિતી અધિકારી તરફથી નં.યુસીડી નં.૬૩૨ તા.૨૧–૭–૦૮ ના રોજ અરજદારે માંગેલી વિગતો સંદર્ભે માહિતી પૂરી પાડવા આવેલ છે. જેમાં અરજદારને રૂબરૂ આવી જરૂર હોય તે પત્રની નકલ રૂા.૨/– ભરી મેળવી લેવા જણાવેલ છે પરંતુ અરજદારે માહિતી મેળવી હોય તેવું જણાતું નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૫–૬–૦૮ ની ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી મ. જાહેર માહિતી અધિકારી તરફથી સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે. તેમજ રેકર્ડ આધારીત પ્રમાણિત નકલ બાબતે યુસીડી ઓફિસ કચેરીએ રૂબરૂ આવી જરૂર હોય તે મુજબ પત્ર દીઠ નકલ રૂા.૨/– પ્રતિ પેઈજ ફી ભર્યેથી આપવા તૈયારી પણ બતાવેલ છે પરંતુ અરજદારે તે મળેવેલ હોવાનું જણાતું નથી. અરજદાર ઈચ્છુક હોય તો સદર માહિતી નિયત ફી ભરી મેળવી શકે છે. અપીલ અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી)..... જાણ તથા અમલ માટે
(૨)શ્રી સૈયદ સાબીર અલી,